ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*સેંકડો સમસ્યા સાથે, ઉગે રોજ કડવા ચોથ!*
*સંસારના સાચા સ્વાદ જેવી ઉગે છે કડવા ચોથ!*
*શંકાની ચાળણી માંથી દેખાય છે ચોથનો ચાંદ -*
*જિંદગીનાં છિદ્રો શોધતી ઉગે રોજ કડવા ચોથ!!*

### હાઈકુ

*વાદળ છાયી,*
*છિદ્રો ભરી દ્રષ્ટિથી -*
*જોઈ લ્યો ચાંદ!!*

*ચ્હેરો જોઈને -*
*જમે પ્રેમથી પત્ની,*
*બિચારો પતિ!!*

### ચિંતન

**સાધુ ભૂખા ભાવકા, ધન કા ભૂખા નાહીં,**
**ધન કા ભૂખા જો ફિરૈ, સો તો સાધુ નાહીં**

કબીર વાણીમાંથી ઉપરોક્ત સાખી લેવામાં આવી છે.

ધન એ એવી આકર્ષક વસ્તુ છે કે તેની પ્રાપ્તિ માટે મનમાં લોભવૃત્તિ હાજર જ હોય છે. આજે ધર્મસ્થાનો અને સંપ્રદાયો વધુને વધુ આર્થિક ઉપાર્જન કરી ભવ્યમંદિરો આશ્રમો અને સંસ્થાઓનું નિર્માણ કરવા તત્પર છે. આના કારણે સંપ્રદાયમાં વિખવાદો થાય છે. ધન માટે મઠાધિપતિની કરાવવામાં આવતી હત્યાના પ્રસંગો બનતા રહે છે. આવા ભવ્ય મંદિરોમાં દાન, જ્ઞાન કે પરોપકારની પ્રવૃત્તિ થતી નથી. પણ પોતાના માન અને શાન વધારવા ધનનું વરવું પ્રદર્શન થાય છે. કબીર એટલે સ્પષ્ટ કરે છે કે સાચો સાધુ પોતાના અનુયાયીની ભાવના જુએ છે. આ ભાવ જ ભવસાગર તરવાની નાવ છે. જે સાધુ ભાવના કરતાં લક્ષ્મીને વધુ મહત્ત્વ આપે છે તે સાધુ જ નથી. સાધુ ને ધન સમાજ આપે છે. સાધુમાં વૈરાગ્ય હોવો જરુરી છે. આથી સાધુને સમાજ થકી પ્રાપ્ત થતું ધન સમાજસેવા કે માનવસેવાના કાર્યમાં જ વપરાય તે જોવાનું કર્તવ્ય સાધુનું છે. ધનસંચયથી સાધુતા લાજે છે. ધન જરુરી છે પણ ધન અનેક અનર્થનું મૂળ ન બને તે જોવું જરુરી છે.

### સુવિચાર

- આવતીકાલ આજના જેવી જ હશે, આપણે જીવવાની તૈયારી કરતાં હોઈએ છીએ ત્યારે જીંદગી વેડફાતી જતી હોયછે. - **એમર્સન**
- ઘણીવાર આપણે વિચારની સગવડ વેઠ્યા વિના અભિપ્રાયનું સુખ માણીએ છીએ - **એમર્સન**
- દરેક માણસ એન્જિન ડ્રાઈવર બની ન શકે, પણ તે પૈડામાં તેલ તો જરુર પૂરી શકે છે - **આગાથા ક્રિષ્ટી**
- જો તમારે યુદ્ધ કરવું જ હોય તો તમામ વિલંબ ખતરનાર છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- ઘા ભૂલાય છે એટલી ત્વરાથી અપમાન ભૂલાતું નથી - **ફુલછાબ**
- જયાં અજ્ઞાન એ સુખ છે ત્યાં ડાહ્યા થવું એ મૂર્ખાઈ છે - **પૂજ્ય મોટા**
- જેની જાણકારી સંગીન છે તેને કયારેય બૂમો પાડવાની જરુર નહીં રહે - **લીયોનાર્દો દ વિન્ચી**
- આજનું ઔષધ : એલચી અને પીપરી મૂલનું ચૂર્ણ ઘી માં લેવાથી બ્લડપ્રેશરમાં ફાયદો થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

રાજા, વાજાં ને વાંદરાં ચંચળ મન-સ્વભાવના હોય છે એમને ઠીક લાગે ત્યારે ‘સૂર'માં હોય મરજી ન હોય તો બગડે! એક રાજાએ પોતાના દરબારમાં, ધર્મગુરુ ને ચીમકી આપી - ‘ભગવાન છે એની મને સાબિતી સાથે સાક્ષાત્કાર કરાવો!'

ધર્મગુરુએ, મંત્રીને કહ્યું, ગુરુકુળમાં જાવ અને મારા સૌથી નાના વિદ્યાર્થીને હો - ધર્મગુરુએ - દરબારમાં ‘ઈશ્વર હોવાની' સાબિતી માગી છે - તે રાજાજીને આપો અને સમજાવી દ્યો! વિદ્યાર્થી દૂધનો વાટકો લઈ આવ્યો. દૂધ ઠંડુ હતું. એમાં આગળી ફેરવી કંઈ શોધતો હતો. રાજાએ પૂછ્યું શું શોધે છે? વિદ્યાર્થી કહે મલાઈ - પછીથી મારે એનું ઘી બનાવવું છે! રાજા કહે દૂધને ગરમ કરી પછી જ મલાઈ અને તેને પણ ગરમ કરી ઉકાળો ત્યારે ઘી મળે!

વિદ્યાર્થી કહે રાજન દૂધમાં જે મલાઈ-ઘી છે તે ‘તપ' સહન કર્યા વિના દેખાતાં - મળતાં નથી એમ ઈશ્વર તો સંસારમાં છે જ પણ વ્યક્તિ તો જપ-સાધના-ઉપાસના કરે તો જ મળે! રાજાને સાચું જ્ઞાન એક બાળકે કરાવ્યું.

# પારિકરનાં નિવેદનો પર નિયંત્રણ જરૂરી

ગોવાના મુખ્યમંત્રી તરીકે સફળ કામગીરી કરી બતાવનારા મનોહર પારિકર સ્વચ્છ ઈમેજ ધરાવતા અને સાદી જીવનશૈલી અપનાવનારા પ્રામાણિક અને કાર્યદક્ષ મંત્રી છે. એમની આ વિશેષતાઓને કારણે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંરક્ષણ જેવું સંવેદનશીલ અને મોટા બજેટવાળું ખાતું અરુણ જેટલી પાસેથી લઈ એમને સોંપ્યું હતું. પારિકરની તકલીફ એ છે કે એમને બોલતાં નથી આવડતું. એ મોદી જેવા પ્રભાવશાળી વક્તા નથી કે નથી અરુણ જેટલી જેવા વિદ્વાન. પોતે ગોવાની ‘માર્શલ રેસ' માંથી આવે ઓછે, એનું ગૌરવ લેતાં એમણે ગુજરાતમાં આવીને સર્જિકલ સ્ટ્રાઈકના મુદ્દે જે બફાટ કર્યો એથી ખુદ વડાપ્રધાનને પણ એની નોંધ લેવી પડી હશે. એક તરફ આપણે ભારતીય સૈન્યના ઊંચા મનોબળ અને કાર્યક્ષમતાની પ્રશંસા કરતા હોઈએ અને બીજી તરફ ‘સર્જિકલ સ્ટ્રાઈક' પાછળ પારિકર અને મોદીની જુગલજોડી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની તાલીમને જશ આપે ત્યારે સ્વાભાવિક રીતે જ આ બાબતથી વિવાદનો મધપૂડો છંછેડાઈ શકે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની તાલીમને કારણે પોતાનું વ્યક્તિત્વ ઘડાયું એમ કહે ત્યાં સુધી બરાબર છે. મોદી પણ સંઘના પ્રચારક તરીકેની જવાબદારી સંભાળી ચૂક્યા છે. એમના વ્યક્તિત્વના ઘડતરમાં સંઘનો સિંહ ફાળો છે, એ મુદ્દે બે મત ન હોઈ શકે. પરંતુ પારિકર જયારે સર્જિકલ સ્ટ્રાઈક પાછળ સંઘની તાલીમની ભૂમિકાની વાત કરે છે ત્યારે ભારતીય સૈન્યની કાર્યદક્ષતા શંકા દાયરામાં આવી જાય છે. એ સાચું કે સર્જિકલ સ્ટ્રાઈક જેવા સંવેદનશીલ નિર્ણય માટે દૃઢ મનોબળ જરુરી છે અને સરકારના આદેશ કે મંજૂરી વગર ભારતીય સેના આવું મહત્ત્વનું પગલું ન જ ભરી શકી હોત. પરંતુ એક વાર આવું પગલું સેનાનું ભર્યું અને સફળતાપૂર્વક મિશન પાર પડ્યું તે પછી રોજેરોજ એનાં ગાણાં ગાતા રહેવું એ તો ઘણી જ શરમજનક બાબત ગણાય. પારિકર અને મોદી આ મુદ્દે દેશભરમાં જયાં જયાં જાય ત્યાં તમામ પ્રકારના નુસખા અજમાવી જાતે ને જાતે પોતાની પીઠ થપથપાવતા ફરે છે, તે યોગ્ય નથી. એથી સરવાળે તો સેનાને પણ સરકાર તરફ નફરત જ થશે. પાકિસ્તાને જયારે આવી કોઈ ઘટના બની જ નથી, એવો ખોટો પ્રચાર કર્યો ત્યારે કેજરીવાલ અને સંજય નિરુપમ જેવા નેતાઓએ આ અંગેના પુરાવા દુનિયા સમક્ષ રજૂ કરવાની માગણી કરી તે કોઈ દેશદ્રોહની કે સેના પર શંકા-કુશંકા પ્રેરતી ઘટના ન હતી. પરંતુ ભારતીય જનતા પાર્ટીને અને કેન્દ્ર સરકારને એમાં પણ રાજકીય મુદ્દો મળી ગયો, જેનું વારંવાર પિષ્ટપેષણ કરવાથી પ્રજામાં એની ઈમેજને ધક્કો જ પહોંચ્યો છે, ક્રેડિટ લેવામાં પણ

**તંત્રીસ્થાનેથી...**

ગરિમા જળવાવી જોઈએ. પારિકરને આવી કોઈ ગરિમા જાળવતાં આવડી નથી અને જયાં જાય ત્યાં આ મુદ્દે બફાટ કરતા રહે છે. મોદી એમને વખાણે છે, સેના બોલતી નથી એમાં અમારા સંરક્ષણ મંત્રી પણ બોલતા નથી, એવું વિધાન કરે છે. જયારે પરિસ્થિતિ એથી વિપરીત છે. પારિકર વધુ પડતું બોલી રહ્યા છે. પોતે બહુ મોટું પરાક્રમ કર્યું હોય એમ સર્જિકલ સ્ટ્રાઈકનો સંપૂર્ણ જશ ઓળવી લેવાનો ભદ્દો પ્રયાસ કરી રહ્યા છે. અગાઉ કયારે આવી કોઈ સ્ટ્રાઈક થઈ જ નહોતી, એવું વિધાન કરીને એ ફુલાતા ફરે છે. જયારે હકીકત એ છે કે આપણા બે સૈનિકોનાં માથાં વાઢીને પાક આર્મીવાળા લઈ ગયા ત્યારે વળતા પ્રહાર તરીકે એમના દસ વીસ સૈનિકોને મારીને ત્રણ જણનાં માથાં લઈ આવવાની ઘટના મનમોહન શાસનમાં બનેલી છે. પારિકર એને સર્જિકલ સ્ટ્રાઈકની વ્યાખ્યામાં સમાવવા તૈયાર નથી. અર્થાત્ પોતે જ મોટું પરાક્રમ કર્યું છે - એની એકધારી રજૂઆત કરીને પારિકર સામે ચાલીને સેનાનું મનોબળ ઘટાડી રહ્યા છે. આ એ જ સેના છે જેણે કયારેક લાહોરમાં ત્રિરંગો ફરકાવ્યો હતો; જેણે પાકિસ્તાનની આખેઆખી પાંખ તોડી નાખી હતી. કોંગ્રેસ શાસનમાં બનેલી આ ઘટનાઓ સામે પારિકરની સર્જિકલ સ્ટ્રાઈક કોઈ વિસાતમાં ન ગણાય. શું મોદી આ બાબતની નોંધ નહીં લેતાં હોય.

# પહેલાં વહીવટી અધિકારી બનીશ પછી તારે ઘેર આવી આવીશ...




ટ્રેન ધીમે ધીમે પ્લેટફોર્મ પર પહોંચી રહી હતી. તે બારીમાંથી બહારનું દશ્ય જોઈ રહી હતી. કેમકે તેને આ સ્ટેશનને ઉતારવાનું હતું. ટ્રેનનો ચાલવાનો અવાજ અટક્યો. તે પોતાની સુટકેશ લઈ ઉતરી. શ્યામ સુલુણું રૂપ. ખુલ્લા કેશ વારંવાર તેના ચહેરા પર આવી રહ્યા હતા. તે એક હાથમાં સુટકેસ ઉપાડી ચાલવા લાગી અને બીજા હાથે આંખ ઉપર આવતા વાળને હટાવતી આગળ વધી. સ્ટેશનની બહાર આવતાં જ ઓટોરીક્ષા વાળાઓની ભીડ, દરેક રીક્ષાવાળા પ્રત્યેક મુસાફરોની પાછળ પાછળ ‘બહેન તમે કયાં જવાનાં? ભ્ાી, તમારે કયાં જવાનું છે? તે છોકરી હતી એટલે પાંચ દસ ઓટો રીક્ષાવાળા તેની પાછળ...' મેડમ તમારે કયાં જવું છે? બસ એ જ અવાજો તેમના મુખેથી સંભળાતા હતા. અચાનક તેની નજર એક ઓટો પર ગઈ જે એક તરફ ઉભેલ હતી. એ તેની નજીક ગઈ અને પુછ્યું, ‘તમે મને લોકસેવા આયોગ લઈ જશો?' ‘કેમ નહીં?' રીક્ષાવાળાએ કહ્યું, ‘શું ભાડું થશે?' ‘પચાસ રૂપિયા', ‘સારું ચાલો' તેણે ઓટોરીક્ષામાં પોતાની સુટકેશ રાખતા કહ્યું. ઓટોરીક્ષાવાળો ખુબ શાંતિપૂર્વક આરામથી રીક્ષા ચલાવતો હતો. ‘ખોટું ન લાગે તો તમને એક વાત પૂછું? રીક્ષાવાળાએ મૌન તોડતા કહ્યું, ‘બોલો તમારે શું પુછવું છે?' ‘કદાચ તમે આજે વહીવટી અધિકારી માટેનો ઈન્ટરવ્યુ આપવા આવ્યા છો ખરું ને?' ‘હાં.. હાં..સાચી વાત પણ તમને એ કઈ રીતે ખબર?' ‘મેડમ મારું નસીબ સારું હોત તો હું પણ તમારી જેમ આ ઈન્ટરવ્યુ આપવા જઈ રહ્યો હોત' આ સાંભળી તેણે પુછ્યું, ‘હું કંઈ તમારી વાર સમજી નહીં.' તે ઉદાસ વદને બોલ્યો, ‘મેં પણ વહીવટી અધિકારીની મુખ્ય પરીક્ષા આપેલી પરંતુ બે ચાર માર્ક્સ માટે રહી ગયો. ગરીબીને કારણે રીક્ષા ચલાવી મા-બાપ અને પોતાનું ગુજરાન ચલાવવું જરુરી હતું, હારેલો-થાકેલો ઘેર જઈ વાંચન કરતો.' તેની આંખમાં આંસુ ઉભરાઈ આવ્યાં. એટલામાં લોક સેવા આયોગની કચેરી આવી ગઈ. તે બોલ્યો, ‘લ્યો, આ તમારું લોકસેવા આયોગ આવી ગયું.' તે રીક્ષામાંથી ઉતરી અને પર્સમાંથી પચાસ રૂપિયા કાઢી કહ્યું, ‘લ્યો આ પચાસ રૂપિયામાં તેણે પચાસની નોટ હાથમાં લેતાં કહ્યું' - બેસ્ટ ઑફ લક મેડમ...

તેણે હળવેથી સ્મિત કરી કહ્યું ‘થેંક્સ.'

તે છોકરી પાટણથી આવી હતી. તેનું નામ હતું સપના... ગ્રેજ્યુએશન કર્યા પછી પહેલીવાર વહીવટી સેવાની પરીક્ષા તેણે આપી હતી. મુખ્ય પરીક્ષામાં પાસ થઈ જતાં આજ તે ઈન્ટરવ્યુ આપવા લોકસેવા આયોગ આવી હતી.

તે દિવસે સાંજના લગભગ પાંચ વાગ્યા હતા. સપના પોતાની સુટકેશ લઈ સ્ટેશનને પહોંચી. પેલા રીક્ષાવાળા એ તેને તરત ઓળખી કાઢી અને તેની નજીક આવી કહ્યું ‘મેડમ તમારો ઈન્ટરવ્યુ કેવો રહ્યો ?' અચાનક આ વાક્ય સાંભળી તે દંગ રહી ગઈ, પણ પાછુંવાળી જોતાં સપનાં તેને ઓળખી ગઈ. તે બોલી ‘તમે...', ‘હા, મેડમ અહીં સિવાય અમારે બીજે કયાં જવું.' ‘તમારું નામ શું છે?' ‘મેં અંગ્રેજીમાં એમ.એ. કર્યું છે.' ‘વાઉ... એમ.એ. અંગ્રેજી... મારો પણ ગ્રેજ્યુએશનનો વિષય અંગ્રેજી સાહિત્ય હતો.' સપનાએ હસીને કહ્યું.

‘તમારી ગાડી કેટલા વાગે છે?' સુનિલે આત્મીયતા બતાવતા પુછ્યું. ‘રાત્રે આઠવાગ્યે' તે બોલી. ‘અરે, આઠ વાગ્યે હજુ તો સાડા પાંચ વાગે છે. ત્યાં સુધી સ્ટેશન પર બેસી રહેશો.' સુનિલે ઘડિયાળમાં જોતા કહ્યું, ‘તો બીજું શું. આ શહેરમાં બીજું કોઈ ઓળખીતું તો છે નહીં પછી.' ‘તો શું થયું ચાલો મારું ઘર અહીં નજીકમાં જ છે.' આ વાક્ય સાંભળી તેને આશ્ચર્ય થયું કે એક અજાણ્યો યુવાન તેની સાથે આટલી આત્મીયતાથી વાત શું કામ કરે છે. તે વિચારમાં પડી ગઈ. ‘મેડમ શું વિચારો છો? સુનિલે પુછ્યું. તે બોલી. ‘તમે મને નામ શુદ્ધાં પુછ્યું નથી ને ઘેર લઈ જવાની વાત કરો છો.' ‘સોરી, મેડમ નામની જરુર પડી નથી... તો હળે તમારું નામ કરી દો. તે જરા અચકાતા બોલ્યો.'

‘સપના જોશી' તેણે કહ્યું.

સપના ને એમ લાગ્યું હતું કે સુનિલ કોઈ સારા ઘરનો છોકરો છે. તેનો સારા ઘર ઘરનો અર્થ કોઈ સંસ્કારી કુટુંબનો છે. તે તેના સૌજન્યશીલ સ્વભાવને કારણે તેના ઘરે જવા તૈયાર

**અનુસંધાન પાના નં. ૭ પર**

# લવ, રિલેશનશીપ એન્ડ બ્રેક-અપ




અમેરિકન એક્ટ્રેસ સ્કારલેટ જ્હૉનસન (૧૯૮૪)એ કહ્યું છે કે ‘‘જીવનમાં પહેલો પ્રેમ યાદગાર અને અણમોલ હોય છે, એ વાત સાચી. પરંતુ પ્રેમમાં પહેલા અને બીજા પ્રેમ જેવું કશું હોતું નથી. દરેક પ્રેમ પહેલો અનુભવ જ હોય છે. હા, પ્રેમનો સંબંધ તૂટે છે, ત્યારે પીડા જરુર થાય છે. આ પીડા આપણે દુનિયાને બતાવી શકતા નથી. સ્ત્રી કદાચ રડી લે છે. પુરુષ બ્રેક-અપ પછી પણ રડી શકતો નથી. સ્ત્રીએ પણ શા માટે રડવું જોઈએ? જૂના પ્રેમને ભુલીને આગળ વધી જવું જોઈએ.''

સ્કારલેટ જ્હૉનસને ૨૪ વર્ષની વયે સને ૨૦૦૮માં પોતાનાથી ૮ વર્ષ નાના કેનેડિયન સ્ટાર રેયાન રેનોલ્ડ (૧૯૭૬) સાથે લવ મેરેજ કર્યા હતા. આ પ્રેમલગ્ન ત્રણ વર્ષ જ ટક્યાં અને તૂટી ગયાં હતાં. એક એડવર્ટાઈઝ એજન્સીના સંચાલક રોમેન ડ્યુરિક (૧૯૮૨) સાથે તેણે સને ૨૦૧૪માં બીજી વાર પ્રેમલગ્ન કર્યાં. એ જ વર્ષે તે એક દીકરીની મા બની. જેનું નામ રાખ્યું, રોઝ ડોરોથી ડ્યુરિક.

સ્કારલેટ જ્હૉનસનને હોલિવૂડની ‘‘સેક્સિએસ્ટ હિરોઈન એવર'' તરીકે ઓળખવામાં આવે છે. માત્ર દસ જ વર્ષની બાળવયે સને ૧૯૯૪માં ‘‘નોર્થ'' ફિલ્મ સાથે ડેબ્યુ કરનારી સ્કારલેટે પોતાના ‘‘ફર્સ્ટ બ્લાસ્ટ'' અને રિલેશનશીપ વિશે કબુલાત કરતા કહ્યું છે કે ‘‘સને ૨૦૦૧-૦૨માં હું સત્તર-અઢાર વર્ષની હતી ત્યારે પ્રૉફેશનલ ચિલ્ડ્રન સ્કૂલ (કૉલેજ)માં મારી સાથે ભણતા જેક એન્ટોનોફ તરફ હું આકર્ષાઈ હતી. તે એક બેન્ડમાં ગિટારિસ્ટ હતો. એની સાથે હું ડેટિંગ પર જતી. મારો આ પહેલો અનુભવ હતો. આ પછી મારી સાથે કામ કરતા કૉ-સ્ટાર જૉશ હાર્ટનેટ સાથે મને પ્રેમ થઈ ગયો. એની સાથે મેં બે વર્ષ સને ૨૦૦૪થી ૨૦૦૬ સુધી ડેટિંગ કર્યું. હું તો સિરિયસલી એના પ્રેમમાં જ હતી. પરંતુ તે વધુ પડતો બિઝી રહેતો હતો. એની પાસે મારા માટે ટાઈમ નહોતો. આથી ડિસેમ્બર-૨૦૦૬માં અમારું બ્રેક-અપ થઈ ગયું.''

પોતાના લવ એન્ડ બ્રેક-અપ વિશે વાત કરતાં સ્કારલેટ આગળ કહે છે કે ‘‘સને ૨૦૦૭માં કેનેડિયન સ્ટાર રેયાન રોનાલ્ડ સાથે મને પ્રેમ થઈ ગયો. આ વખતે હું સિરિયસ હતી અને બીજા વર્ષે સને ૨૦૦૮માં અમે એન્ગેજમેન્ટ અને મેરેજ પણ કરી લીધા હતા. લૉસ એન્જેલસમાં અમે ૨.૮ મિલિયન યુ.એસ. ડૉલરમાં એક વિલા પણ ખરીદ્યો હતો. જો કે અમે સને ૨૦૧૦માં જ છુટા પડી ગયા અને સને ૨૦૧૧માં ડિવૉર્સ થઈ ગયા. રેયાનથી છુટા પડ્યા પછી હું એક્ટર સીન પેન સાથે ડેટિંગ કરતી હતી. એકાદ વર્ષ આ સંબંધ રહ્યો અને ફરી બ્રેક-અપ થયું.''

સ્કારલેટે પોતાના એક્સપિરિયન્સમાં કહ્યું છે કે ‘‘સને ૨૦૧૧-૧૨માં થોડા સમય માટે એડ-મેકર નેટ નેલૉર સાથે મારું પેચ-અપ થયું અને છ-બાર મહિનામાં તો આ સંબંધ પણ તૂટી ગયો. સને ૨૦૧૩માં એડ.એજન્સી ચલાવતા રોમેન ડ્યુરિક સાથે મારી ઓળખાણ થઈ અને અમે બેઉ પ્રેમમાં પડ્યાં. ડ્યુરિક સાથેની રિલેશનશીપથી હું પ્રેગનન્ટ બની અને તા.૪ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ મેં એક છોકરીને જન્મ આપ્યો. જેનું નામ રોઝ રાખ્યું. અમારા લગ્ન વિનાના સંબંધોની મીડિયામાં ખુબ ચર્ચા થઈ. એ પછી તા.૧ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ અમે લવ-મેરેજ કરી લીધાં.''

સ્કારલેટ જ્હૉનસનની જિંદગી લવ, રિલેશનશીપ એન્ડ બ્રેક-અપથી ભરેલી છે. સ્કારલેટની ઘણી બધી અન-ટૉલ્ડ લવસ્ટૉરીઝ પણ છે. અડધો ડઝન પુરુષ સાથે તેના સંબંધ જગજાહેર છે, કેમ કે તેણે પોતે આ તમામ સંબંધો કન્ફેસ કરેલા છે. આ સિવાય નહીં જાહેર કરેલી રિલેશનશીપ પણ હોઈ શકે છે. અમેરિકામાં થયેલા સર્વે પ્રમાણે એક સ્ત્રીને લાઈફમાં એવરેજ દસ રિલેશનશીપ હોવાનો અહેવાલ છે.


એક લવ-મેકિંગ પછી રિલેશનશીપમાં બ્રેક-અપ કેમ થાય છે? એ સમજવા જેવું છે. એક બ્રેકિંગ પછી બીજી રિલેશનશીપ સ્ટાર્ટ થાય છે અને બીજી વાર પછી ત્રીજી વારના સંબંધનો સિલસિલો ચાલતો રહે છે. (૧) વિશ્વાસનો અભાવ, (૨) અહમનો ટકરાવ અને (૩) જતું કરવાની ભાવનાનો અભાવ. ‘‘ટ્રસ્ટ'' ‘‘ઈગો'' એન્ડ ‘‘લેટ ઈટ ગો'' કોઈ પણ રિલેશનશીપમાં ઈમ્પોર્ટન્ટ ફ્લેવર છે. એના વિના રિલેશન તૂટી જાય છે અથવા તિરાડ પડી જાય છે. આવી તિરાડ કોઈ પણ એડહેસિવથી સંધાતી નથી.

રિલેશનશિપમાં બ્રેક-અપ કેમ થાય છે? જે વ્યક્તિ તમને પહેલી નજરે જ ગમી જાય, જેની સાથે તમને વાતો કરવાનું મન થયા કરે, જેની સાથે તમને ક્વૉલિટી-ટાઈમ ગાળવાનું ગમે, જેની દરેક વાતો જાણવાનું પણ તમને મન થાય, જેની સાથે તમને દિલથી ઈમોશનલી જોડાવાનું ગમે, આવી વ્યક્તિ તમને આકર્ષે છે, તો આ પ્રેમ છે. તમને એકબીજાની લાઈકિંગ-ડિસલાઈકિંગ શેર કરવાનું મન થાય, એકબીજાના પ્રૉબ્લેમ શેર કરવા અને સૉલ્વ કરવાની તત્પરતા હોય એ પ્રેમ છે. જ્યારે સંબંધમાં તમને એમ લાગે કે તમારો વિકાસ થાય છે તો એ પૉઝિટીવ સાઈન છે, પરંતુ તમને તમારો પર્સનલ ગ્રૉથ અટકી ગયો હોય એમ લાગે અને તમને સંબંધ બોજરુપ લાગે ત્યારે તમારે વિચારવાનો સમય લેવો જોઈએ. સ્ટ્રેસ લઈને કોઈ રિલેશનમાં આગળ વધવાની જરુર નથી. એકબીજાની કંપની પેશન, એક લત, એક વ્યસનની હદ સુધી ગમતી હોય ત્યાં સુધી જ રિલેશનશીપ ગૉલ્ડન હોય છે.

લવ એન્ડ રિલેશનશીપમાં બ્રેક-અપ થવાનાં કારણો પણ સમજીએ.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# પપ્પાને કહી દઈશ..!! દીકરી માટે પપ્પા એટલે ખુશીનું એટીએમ કાર્ડ..!!



એનર્જી અને પોઝીટીવિટીનો વહેતો ધોધ એટલે મારાં પપ્પા, એમની ડિક્ષનરીમાં ના નામનો શબ્દ નહી. એમની સેન્સ ઓફ હ્યુમરથી એ દરેક ક્ષણે હસાવી શકે. એ મારા પપ્પા કરતાં મિત્ર વધુ છે. હું એમની સાથે ફ્રેન્ડલી ડિસ્કશન કરી શકું છું. મારી પ્રગતિ માટે કડક બનતાં પપ્પા મારી સફળતા બાદ ખુશીના આંસુ પણ વહાવી શકે છે. અને એટલે જ મને મારાં પપ્પા વહાલા છે...

હમણાં એક કાર્યક્રમમાં દીકરીએ એના પપ્પા વિશે આ શબ્દો કહ્યા ત્યારે ઉપસ્થિત શ્રોતાઓની લાગણી સભર વાતથી આંખો છલકાઈ ઉઠી. વાત પપ્પાની થતી હતી ને ત્યાં ભાવનગરના મિત્ર ડૉ. તેજસ દોશીએ ફોરવર્ડ કરેલો લાંબો પણ લાગણીસભર મેસેજ આવ્યો. એમાં દીકરી- દીકરાની નજરે પપ્પાની વાત હૃદયસ્પર્શી છે.

એક જાપાનીઝ વાર્તા છે. વાર્તામાં એક સાત વર્ષની દીકરી ચર્ચમાં ગોડને પ્રેયર કરી રહી છે, ‘હે ગોડ, મને એક નાનકડો ભાઈ, નવા લીધેલા ડ્રેસ સાથે મેચ થાય એવી બ્લુ-પિંક અને પર્પલ હેરક્લીપ્સ, એક નાની ઢીંગલી-જે બોબ્ડ કટ હોય અને ઓરેંજ ફ્લેવરના વેફર બિસ્કીટ્સ જોઈએ છે. આવતા ફ્રાઈડે પ્રેયર માટે ફરી ચર્ચમાં આવું ત્યારે આ બધું જ મને આપી દે જે..! નહિંતર મારા પપ્પાને બોલાવી લાવીશ..!'

આ સાત વર્ષની દીકરી ભગવાન પાસે એક વિશ લીસ્ટ મૂકે છે. એણે આપેલી સમય મર્યાદામાં જો ભગવાન એનું વિશ લીસ્ટ પૂરું ન કરી શકે તો એ પપ્પાને બોલાવી લાવીશ એવી ધમકી પણ આપે છે. મજાની વાત તો એ છે કે, પપ્પા ભગવાન પાસે ધાર્યું કરાવી શકે છે એવો વિશ્વાસ હોવા છતા એ પપ્પાને વિશ લીસ્ટ નથી આપતી. કારણ કે એને પપ્પાનો ડર છે. પણ ભગવાન જો દીકરીની ઈચ્છા પૂરી ન કરી શકે તો એનાં પપ્પા ભગવાનની ખબર લઈ નાંખશે એવો એને વિશ્વાસ પણ છે.

પપ્પા સલામતીની દિવાલ હોય છે. એમની છાતી પહ્નની હોય. રાક્ષસો એમનાથી બીતા હોય. બોટલમાંનો જીન એમના કહ્યામાં હોય. એમને બધ્ધું જ આવડતું હોય. ગજવામાં હોય એના કરતા વધારે પૈસા એ ખર્ચી શકતા હોય. મમ્મી એમનાથી બીતી હોય. જો કે, પપ્પા પણ મમ્મીથી બીતા જ હોય, પણ એમની બીક એ પોતાની પહ્નની છાતી પરના કાળા-ધોળાં વાળ વચ્ચે છૂપાવી શકતા હોય. પપ્પા એટલે એક એવા મર્દ, જેમની આંખે પાણી ભરાય પણ આંસુની મજાલ નથી કે એમની આંખ સુધી પહોંચી શકે.

પપ્પા..પપ્પા જ હોય. રોજ સવારે વહેલા ઉઠી છાપાના પાના વચ્ચે દેશ-વિદેશના સમાચારો શોધી લેતા પપ્પાને ન્હાવા જતી વખતે ટુવાલના રેકમાં મૂકેલો ટુવાલ જડતો નથી હોતો અને પપ્પાની આ અણઆવડત છતી ન થઈ જાય એટલે મમ્મી એમને ટુવાલ હાથમાં આપી દેતી હોય છે. મમ્મી-પપ્પાને છાવરી લે છે.

> આંખની સામે ભલે દરિયો રહ્યો,
> એમ ઈચ્છો તોય ક્યાં ડૂબાય છે.
> આંખની ભાષા બધી સમજી જતું,
> એટલે તો આ હ્રદય શરમાય છે!
> \- પારસ હેમાણી

‘પપ્પાને કહી દઈશ..!' આ વાક્ય એનું તકિયાકલામ બની જતું હોય છે. રિમો?ર્ટ કંટ્રોલ કારને તોડીફોડીને એનું મિકેનિઝમ ચેક કરતા નાના અમથા દીકરાને એ ‘પપ્પાને કહી દઈશ..!' એવું કહીને એ ગણિતના દાખલા ગણવા બેસાડી શકે છે.

પપ્પાનું નામ જ દીકરાને કૂતુહલના વિશ્વમાંથી દુનિયાદારીની દુનિયામાં લઈ આવતું હોય છે. દીકરી માટે આવું નથી હોતું. ઢીંગલીના વાળ ઓળવામાં બિઝી દીકરી પાસે પપ્પાનું નામ કિચનમાં રોટલીઓ નથી વણાવી શકતું. દીકરાએ ગણવું જ પડે અને દીકરીએ રમવું તો પડે જ ને..એવું માનતા પપ્પા દીકરા માટે જુદા અને દીકરી માટે જુદા હોય છે.

દીકરી માટે પપ્પા સલામતી હોય. દીકરી પપ્પાએ દોરી આપેલી સલામતીની લાઈન ન ઓળંગવામાં ગૌરવ અનુભવતી હોય જ્યારે દીકરો પપ્પાને ઓળંગી જવામાં ગૌરવ અનુભવતો હોય. દીકરી માટે પપ્પા ‘આઈડિઅલ મેન' હોય- બહારની દુનિયામાંના બધા જ પુરૂષોને એ પપ્પાના માપદંડે માપી લેતી હોય. દીકરીને પપ્પાને સાચા પાડવામાં અને દીકરાને પપ્પાને ખોટા પાડવામાં મજા પડતી હોય. પોતાનો દીકરો પોતાને ખોટા સાબિત કરે છે એ વાતે પપ્પાની નસોમાં વહેતું લાલ રંગનું લોહી થોડું વધારે ગાઢું બની જતું હોય છે. દીકરી માટે જીતી જવાની અને દીકરા સામે હારી જવાની પપ્પાને મજા પડતી હોય છે.




દીકરીના ભાવ વિશ્વમાં પપ્પાનો ભાવ આસમાને હોય છે, દીકરાના ભાવ વિશ્વમાં પપ્પાનો ભાવ શેરબજારના માર્કેટની જેમ ચડઉતર થતો રહે છે. દીકરા માટે પપ્પા જરૂરિયાત છે. લેટેસ્ટ આઈપેડથી લઈને પોલિસે જપ્ત કરી લીધેલા બાઈકને છોડાવવા સુધીનાં દરેક કામમાં દીકરાને પપ્પાની જરૂર પડે છે. એ પપ્પા પાસે બહુ જ સરળતાથી બધું જ માંગી શકે છે. પપ્પાનું શર્ટ પહેરીને આખાં ઘરમાં રોફ મારી શકતો દીકરો પપ્પા જેવા ન બનવાની કોશિશ વચ્ચે મોટો થતો રહે છે.

દીકરી આવું નથી કરી શકતી. એને તો એનો વર પણ પપ્પા જેવો જ જોઈતો હોય છે. ચશ્મા પાછળથી પપ્પાની ઉંચી થતી આંખો દીકરીને જલદી સમજાય જાય છે. દીકરી કશું પણ કરતાં પહેલાં પપ્પાની પરમિશન લે છે, દીકરાને પપ્પાનાં બધાં જ નિર્ણયો ખોટાં લાગે છે. ‘તમને કશી જ સમજણ નથી પડતી' આવું એ ખૂબ સરળતાથી પપ્પાને કહી શકે છે. જો કે, પપ્પાને ખોટાં સાબિત કરવા મથતાં દીકરાને પપ્પા સાચાં હતાં એવું સમજાવા માંડે ત્યારે એનો દીકરો એને ખોટો સાબિત કરવા તૈયાર ઊભો હોય છે.

દીકરા માટે પપ્પા તાકાત હોય છે. પિતાને અગ્નિદાહ આપ્યા પછી સચીન તેંડુલકર મેદાનમાં સદી ફટકારી શકે છે. પછી આકાશમાં જોઈને પિતાને યાદ કરતો સચીન તરત જ બીજી સદી ફટકારી શકે છે. પણ દીકરી માટે પપ્પા નબળાઈ છે. ઈન્દિરા ગાંધી એક પત્રમાં પિતા જવાહરલાલ નહેરુને લખે છે, ‘શરીરમાં કરોડરજ્જુ જરૂરી છે, એમ દીકરીના જીવનમાં પિતાનું હોવું જરૂરી છે. કરોડરજ્જુ વિનાનું શરીર અક્કડ રહી શકતું નથી, એમ પિતા વિનાની દીકરી પણ અક્કડ રહી શકતી નથી. મારી નબળાઈ તમે છો..!' પિતાના મૃત્યુ પછી સાવ ઢીલી પડી ગયેલી પ્રિયંકા ચોપરા કેટલાય દિવસો સુધી લોકોની સામે આવતી નથી. પિતાનું મૃત્યુ દીકરાને મર્દ બનવાની પ્રક્રિયા સુધી લઈ જાય છે, જ્યારે દીકરીને એ તોડી નાંખે છે, સલામતીના વિશ્વમાંથી અસલામતીની દુનિયામાં ફેંકી દે છે. દીકરો પિતાને અગ્નિદાહ આપે છે ત્યારે પિતાની ચિતામાં એનાં આંસુઓ સૂકવીને એ મર્દ બની જાય છે. પિતાની ચિતા દીકરીને આગ જેવી લાગે છે, જેમાં એ એનું બધું જ સળગાવી દેતી હોય છે. પપ્પાનું મૃત્યુ અકળાવી મૂકે એવું ભયાનક હોય છે.

પપ્પા ક્યારેય કશું બોલતાં નથી હોતાં. ઓફિસેથી ઘરે પાછાં ફરે ત્યારે ટીવીનું રિમોટ એમનાં જ હાથમાં રહેવું જોઈએ-એનો આગ્રહ રાખતાં પપ્પા બહુ જ સરળતાથી દીકરા અને દીકરીનું જીંદગીનું રિમોટ બીજાં કોઈનાં હાથમાં સોંપી શકતાં હોય છે. મમ્મી આવું નથી કરી શકતી. દરેક મમ્મી સારી સાસુ પુરવાર થાય એ જરૂરી નથી, પણ દરેક પપ્પા સારા સસરાં તો બની જ શકે છે.

**ચૂંટલો :** જેમનું નામ આપણાં નામની પાછળ લખાતું હોય, જેમનું લોહી આપણી નસોમાં વહેતું હોય, જેમનો ગુસ્સો આપણને વારસામાં મળ્યો હોય...જેમને ખોટાં સાબિત કરવામાં આપણો અહમ સચવાતો હોય-જેમનાં શુઝ આપણાં પગમાં મોટાં પડતાં હોય-જે ખૂબ ગુસ્સો કર્યા પછી ધ્રુજવા માંડે-જેમને આપણે ક્યારેય આઈ લવ યુ ન કહ્યું હોય-એ આપણાં માટે કેટલાં અગત્યનાં છે એવું જેમને જતાવવાનું આપણે કાયમ ચૂકી જતાં હોઈએ અને જેમનાં પ્રાયોરિટી લીસ્ટમાં કાયમ આપણે જ ટોપ પર રહ્યાં હોઈએ-એ આપણાં પપ્પા એટલે પપ્પા જપ!!

**- pratibhav@sanjaythroat.com**